# ‘મારી ખીર શરુ કરાવી દે’

–મહાવીર ત્યાગી

સને 1938માં દહેરાદુન જીલ્લાની જમીનોની સરકાર તરફથી તપાસ શરુ થઈ હતી. પહેલાં મેં આવો બંદોબસ્ત થતો જોયો ન હતો. એટલે મારે માટે એ વાત નવી હતી. એમાં આખા જીલ્લાની જમીનનાં માપ લેવાય. પછી દરેક ગામના ખેડુતો અને જમીનદારો ઉપર નોટીસ નીકળે. એમાં જણાવવામાં આવે છે કે, તમારા ખાતામાં અમુક અમુક નંબરો છે. એ જમીન ‘મૌરુસી’(વારસાગત) છે કે ‘શીકમી’(સાંથે), ‘સુફી’(ચોમાસુ) છે કે ‘પીત’ની, એ જમીન ઉપર મહેસુલ કેટલું છે અને કેટલા દીવસથી તમારો કબજો છે તે જણાવો. બધાં જ ગામના ખેડુતોએ વહીવટી ખાતાની કચેરીએ પહોંચી બધી વાતની સચ્ચાઈની ખાતરી કરાવી સહી–અંગુઠા કરવા પડતા.

ઓચીન્તો મને વીચાર આવ્યો કે લાંચરુશવત અટકાવવી હોય અને સાથે ખેડુતોનેય મદદ કરવી હોય તો આથી વધારે સારો અવસર જીન્દગીભર ફરી નથી મળવાનો. થઈ રહ્યું. મેં ઘોષણા કરી દીધી કે, ગામેગામના ખેડુતો પગે ચાલતા સરઘસ કાઢીને દહેરાદુન આવે અને મારા ‘રૈનબસેરા’ (મારા ઘરનું નામઃ ‘રાતવાસો’)માં મુકામ કરે. ખાવાપીવાની સગવડ પણ ત્યાં હશે અને કાયદાકાનુનની સલાહ પણ ત્યાં મફત મળશે. પછી તો શું ? દીવસમાં કેટલાંય સરઘસો ગીતો ગાતાં અને ‘જય’ પોકારતાં ‘રૈનબસેરા’માં આવવાં લાગ્યાં. ગાંધીજીની જય દસ વાર બોલે તો મારી પણ બે વાર બોલે ! રોજ બસોત્રણસો માણસ આવે, વીશ્રામ કરે અને રાતે સૌ ફરીયાદ સંભળાવે. બીજા દીવસના સવારે દસ વાગતાં સુધીમાં તમામ અરજીઓ તૈયાર થઈ જતી. પછી એ કાફલો સરઘસના રુપમાં મારી સાથે કચેરીએ પહોંચતો. હું અને કોન્ગ્રેસના મારા સાથીદારો આખો દીવસ કચેરીમાં ચોંટી રહેતા. ત્રીજો પહોર થાય એટલે લંગર(રસોડું) ખોલવામાં આવતું. બધા માણસો દાળ–ભાત, ચટણી અને છોલ્યાવગરનાં બટાકા–ટામેટાંનું શાક ખાઈને પાછા ચાલ્યા જતા.

જનસેવાના કામમાં મને એક વીચીત્ર અનુભવ થયો છે. જો કોઈ વ્યક્તી તન્મય થઈને સેવાકાર્યમાં લાગી જાય અને પોતાને લુંટાઈ જવા દે તો લોકો એને લુંટાવા દેતા નથી. એના પર લટ્ટુ થઈ જાય છે. માત્ર આઠ દીવસ મારા દાળ–ચોખા ખાધા પછી ખેડુતોમાં એવી હવા ફેલાઈ ગઈ કે જે આવે તે તેની સાથે લોટ, દાળ કે ચોખાની પોટલી બાંધતો આવે. કોઈ કોઈ વાર તો ગુણની ગુણ ભરીને લેતા આવે. શી વાત ! સીધું ભરપુર મળી

રહેતું. એમાંથી એકલું ખાવાનું જ નહીં; પેલા મુનશીઓનો પગાર અને વકીલોની ફી પણ નીકળી જતાં. આ કામ છ મહીના સુધી રોજ ચાલ્યું.

જ્યારે કોઈને કામ ઘણું રહેતું હોય ને એ સમયે એની પત્ની મરી જાય ત્યારે એણે, સતત રમુજ કરતા રહેવાની પોતાની ભુખ પણ, એણે પોતે ઉપાડેલા કામ કરતાં કરતાં જ સંતોષવી પડે છે. જ્યારે કોઈ ખેડુત પોતાની વાત કહેવા મારી સામે ઉભો રહેતો ત્યારે હું એને કહેતો, ‘પહેલાં નક્કી કરો કે તમારું કામ થઈ જાય ત્યારે મને થાળી ભરીને ખીર ખવડાવશો ?’ આખી સભા હસી ઉઠતી. એ જવાબ આપે, ‘ખીર તમનેયે ખરી ને તમારા કુતરાનેય ખરી.’ જો કોઈ ખીરની વાત ભુલી જાય તો હું એને ધમકાવતો –‘તમારી વાત તો કહેતા જાઓ છો, ને મારી વાત તો ભુલી જવાની, એમ ને ? માળા, કંજુસ !’ બધા લોકો એકબીજા તરફ આંખ મારતા ને હસતા. આ રીતે મારી પાસે કંઈ નહીં તોયે હજાર ખીરની થાળીઓનાં વચન પડેલાં છે. આખી જીન્દગી સુધી ખાઉં તોય ખુટે તેમ નથી. અને હવે તો રાજકીય વારસાનો રીવાજ પડ્યો છે એટલે મારા પછી મારા છોકરાંને ખીર ખાવાનો હક રહેવાનો. આ ખીરવાળા મારા સાથી ખેડુતો જ મને મત આપીને પાર્લામેન્ટમાં મોકલે છે.

જમીનોનું કામ પુરું થયું એટલે વ્યક્તીગત સત્યાગ્રહ કરવાનો આવ્યો, એમાં જેલની સજા થઈ. એકાદ વરસ પછી છુટ્યો કે પાછો જેલમાં ગયો. આ અમારો છેલ્લો જેલવાસ હતો. બે વરસ પછી પાછો ફર્યો ત્યારે ‘રૈન બસેરા’માં ભાડુતો રહેતા હતા. માત્ર મોટરનું ગૅરેજ અને ઘાસ ભરવાની ઓરડી ખાલી હતી. આવડું મોટું ઘર અને હું તો એકલો. સામાન ઘાસમાં મુકાવી હું આમથી તેમ ફરવા લાગ્યો. મન જ્યારે વર્તમાનને ભુલીને ભુતકાળના કોઈ પ્રસંગમાં અથવા ભવીષ્યના કોઈ સ્વપ્ન કે કલ્પનામાં ડુબી જાય છે ત્યારે આ શરીર પણ મનની આજ્ઞા લીધા વગર શાસનમુક્ત થઈને જુના સ્વભાવ ને ટેવ અનુસાર કામ કરવા માંડે છે.

સામે કાંટાળા તારની વાડ હતી. તેમાં થઈને હું પેલી પાર પહોંચ્યો. અંદર ફુલવાડી બનાવી હતી. એક બાજું જંગલી ગુલાબનું ઝુંડ હતું ત્યાં પહોંચ્યો. એના પર નાનાં નાનાં ગુલાબો ભરચક ખીલ્યાં હતાં. ફુલોની વેરાયેલી પાંખડીઓ એમની અનાથ અવસ્થા જણાવતી હતી. એમાંથી એક ફુલ તોડીને મેં સુધ્યું તો શર્મદાના અંબોડાની મહેક આવી ગઈ. જ્યારે શર્મદા યુ.પી. ઍસેમ્બલીની મૅમ્બર હતી ત્યારે તેણે આ ગુલાબની કલમ ગવર્નરની મડમ પાસથી આણી હતી. કહેવાય છે કે એ ગુલાબને વીલાયતના કોઈ પ્રદર્શનમાં ઈનામ મળ્યું હતું. અસલમાં આ શર્મદાએ વાવેલો છોડ હતો. એ વધ્યો તેમ તેમ અમે પતીપત્ની એની નવી કુંપળો, પાંદડાં અને કળીઓ જોયા કરતાં હતાં. શર્મદા એનાં ફુલો પોતાના

અંબોડામાં નાખતી હતી. મારા પગને આ તરફ આવવાની ટેવ પડેલી તે અહીં લઈ આવ્યા. એક ફુલ સુંઘતાં જ એવું લાગ્યું કે આ ફુલમાં કોઈનો આત્મા વસેલો છે. અને એકદમ મારા આખા શરીરમાં જાણે વીજળી દોડી ગઈ. હું લાગલો જ ઉર્દુનો શેર બોલી ગયો. એનો અર્થ મારા સીવાય બીજો કોઈ સમજી શકવાનો નથી.

*અપને ચમનમેં ઘુમતા હું મીસ્લે અજનબી,*
*હૈ શાખો શજર સબ વહીં પર આશયાં નહીં.*

દુનીયામાં ધીરજ પણ એક એવી ચીજ છે, જેનો સહારો લઈને સંસારમાં જેમને દુઃખ પડ્યાં હોય તે બધાં એમનાં દુખી દીલને દીલાસો આપે છે. આમ તો આંસુઓથી જીવની જ્વાળા હોલવાતી નથી; છતાંયે જરાક ઠંડક તો મળે છે. એ વખતે જે જે વાતોથી બીજાનું દીલ દુભવ્યું હોય તે તે યાદ આવે છે. પણ પંખી ઉડી ગયા પછી પશ્ચાત્તાપ કર્યો તોયે શું ! મરેલાં પાછાં આવી શકે એ સંભવીત હોત તો દુનીયાનો રંગ જ જુદો હોત.

પત્નીવાળાઓને મારી સલાહ છે કે જે કરવું હોય તે કરે; પણ રાતે પત્ની દુધનો પ્યાલો આપે તો એને પથ્થર પર પછાડશો નહીં. એમ ન કહેશો કે તેં નથી પીધું તો હું પણ નહીં પીઉં. જો વળી પત્ની મરી ગઈ તો એના દીલનો ડાઘ પેલા પ્યાલા પર મુકતી જશે. એ પ્યાલાને પછી નથી ફેંકી દેવાતો કે નથી એમાં દુધ પીવાતું મારા બધા જ પ્યાલાંઓ ઉપર એવી મહોબતના ડાઘ છે.

હું બહારની ઓરડીમાં રહેવા લાગ્યો. એમાં સુવા માટે એક ખાટલો, એમાં જ મારી ઑફીસનું ટેબલ, એમાં જ રેડીયો અને એમાં જ ચાનાં વાસણ. અહીં જ કલેક્ટર ને કમીશ્નર ને ગ્રામનીવાસીઓ આવતા હતા અને ખાટલા પર બેસી વાતો કરતા.

એક દીવસ દેહરાદુનથી વીસેક ગાઉ દુર ઢકરાની ગામના બે મુસલમાનો મારી ઓરડી તરફ આવતા હતા. સામે ચક પડ્યો હતો તે જોઈને અટકી ગયા. મેં અંદરથી એમને ઓળખી લીધા અને મોટેથી કહ્યું, “આવો મખમુલ્લા, અંદર ચાલ્યા આવો.” એમણે એકબીજા તરફ જોયું ને જરી વારમાં મખમુલ્લાની આંખમાંથી આંસુની ધારા ઢળતી ઢળતી દાઢીમાંથી ચુવા લાગી. મને થયું કે એમને ઘરે કશીક દુઃખદ ઘટના ઘટી હોવી જોઈએ. જેમને કોઈ કષ્ટ આવી પડતું તે મારે ઘરે આવી મન હળવું કરી લેતા. મખમુલ્લાને રોતા જોઈ ચકનો પડદો ઉઠાવી હું બહાર આવ્યો અને એમના ખભે હાથ મુકી મેં પ્રેમથી પુછ્યું, ‘કહો શી વાત છે ? ઘરે બધા ખુશીમઝામાં છે ?’ આંસુ લુછી એણે જરા હસીને કહ્યું, ‘કોઈ ખાસ વાત નથી. તેં મારું નામ લઈને મને બોલાવ્યો તેથી મને રડવું આવી ગયું.’ અંદર આવી મખમુલ્લા અને તેના ભાઈ બન્ને પગ સાફ કરી ખાટલા ઉપર બેઠા. હું સામે ખુરસી ઉપર બેઠો હતો.

મેજ ઉપર વીસ કે પચીસ રુપીયા મુકી મખમુલ્લાએ કહ્યું, 'જેલમાંથી છુટીને તું આવ્યો છે, કોણ જાણે તારી પાસે ખાવાનુંય હશે કે નહીં.' જમીનની આકારણી થઈ તે દીવસોમાં ખેડુતો વીવીધ પ્રકારની ચીજો મને ભેટ આપતા હતા. એક વખત ગામના એક માણસે નશો કરેલો, તેની ગંધ મને આઘેથી આવતી હતી. એણે ભરી સભામાં કાચા દારુનો શીશો મારા હાથમાં ઠસાવી દીધો અને કહ્યું, 'ગાંધી માર્કાની છે. થોડી થોડી પીજે.' મેં મખમુલ્લાના રુપીયા રાખી લીધા અને પુછ્યું, 'ઘરે બધા મઝામાં છે ?' એણે કહ્યું, 'ખુદાની મહેર છે. બધા મોજ કરે છે અને તને દુઆ દે છે. આકારણી થઈ ત્યારે તેં મહેસુલ ઓછું કરાવી આપ્યું હતું. તું તો જેલમાં જતો રહ્યો. એ પછી પરવર દીગારની એવી બરકત થઈ કે બસ પુછો જ નહીં. એક તરફ જર્મન લોકોની લડાઈ શરુ થઈ અને બાસમતીના ભાવ પીસ્તાળીસ રુપીયા સુધી ચડી ગયા. મજુરોએ મજુરીનો રોજનો સવા રુપીયો કરી દીધો. બસ, મેં, મારા છોકરા, છોકરાની વહુઓ અને છોકરીઓના જમાઈઓ એ બધાંને કામમાં જોડી દીધાં. ખેતરોમાં બાસમતી ચોખા રોપી દીધા. એક જ ફસલમાં મારું કરજ પણ ઉતરી ગયું અને બે ભેંસ પણ ખરીદી લાવ્યો. બેચાર દીવસ તો બળી ખાધી. પછી જ્યારે દુધ ફાટવાનું બંધ થયું ત્યારે છોકરાની વહુએ ખીર બનાવી. થાળીમાંથી બે કોળીયા ખાધા હશે ને અચાનક મને તું સાંભર્યો. યા અલ્લા ! જેણે ખીર ખવરાવી તે તો જેલમાં પડ્યો છે અને તું ખીર ખાય છે ? બસ, ત્રીજો કોળીયો મોંમાં ના પેઠો. તે દી'ની ઘડી ને આજનો દી' – ત્રણ વરસ થઈ ગયાં. તારા ખેદમાં મારે ઘેર ખીર નથી બની. હવે તું ચાલ, મારી ખીર શરુ કરાવી દે.'

મખમુલ્લાની વાત યાદ કરીને મને આજે પણ એમ લાગે છે કે જનસેવાનું આથી ઉંચું પ્રમાણપત્ર મને આજ સુધી મળ્યું નથી ને હવે પછી મળશે પણ નહીં. ખરો 'ગાંધી માર્કો' તો આ હતો. એના નશાના અમે બંધાણી હતા. હવે તો મોસમ બદલાઈ ગઈ છે. સેવા અને શાસન બન્ને નશા એક સાથે નથી કરી શકાતા. જો સેવા મુખ્ય હોય તો શાસન પણ સારી રીતે ચાલે; પણ જ્યારે શાસન ઉંચે અને સેવા નીચે– એવું થઈ જાય છે ત્યારે દેશની સલામતી નથી. આ ચોપડી છપાય તે પહેલાં મારા મીત્ર મખમુલ્લાનો ફોટો લેવા હું ઢકરાની ગયો હતો. પણ તેમનો તો દેહાંત થઈ ગયો હતો. ઈશ્વર એમના આત્માને શાંતી આપે.

–મહાવીર ત્યાગી

(લેખકનો પરીચય અને એમનો એક બીજો સરસ મઝાનો લેખ **'ગાંધીનો દાંડી પીટનારો'** વાંચવા નીચેની લીંક http://www.gujaratilexicon.com/index.php?action=downloadSeM પર ક્લીક કરી, તે પરથી 09-03-2008ની 144મી **'સ.મ.'** જોવા ખાસ વીનન્તી કરું છું..)

લેખકના **'સ્વરાજની લડતના તે દીવસો'** પુસ્તક(**પ્રકાશક–'સસ્તું સાહીત્ય વર્ધક કાર્યાલય'**, ભદ્ર, **અમદાવાદ–380 001 ચોથી આવૃત્તી**–2001 **પૃષ્ઠ**–132 **મુલ્ય**–રુપીયા **વીસ**)ના પાન ક્રમાંક 62થી 71 પરથી–થોડું ટુંકાવીને સાભાર....**ઉત્તમ ગજ્જર**

**'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષઃ પાંચમું – અંકઃ 181 – December 20, 2009**

**'ઉંઝાજોડણી'**માં અને **'શ્રુતી'** ફોન્ટમાં **અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com**

## અને છેલ્લે...

પં મોતીલાલ નેહરુને પોતાને હાથે શાકભાજી બનાવવાનો ને કડક ચા તૈયાર કરવાનો ભારે શોખ હતો. સને 1921ની વાત છે. લખનૌ જેલની દીવાની બૅરેકમાં અમને રાખવામાં આવ્યા હતા. ત્યારે એમનાં શાકભાજી હું સુધારી આપતો હતો. એક વાર એમણે બટાકાની સુકી ભાજી બનાવી હતી. હું કોઈ બીજી બૅરેકમાં ગપ્પાં હાંકવા ચાલ્યો ગયો હતો. પાછા આવીને મેં પુછ્યું, 'ભાજી ઠંડી પડી ગઈ છે, ભાઈજી, તમે કેમ ખાધી નહીં ?' એમણે કહ્યું, 'કેવા ઉમંગથી બનાવ્યું છે ! પણ તું જતો રહ્યો તડાકા હાંકવા. હું શું એકલો એકલો ખાઉં ?' સુખની ખરી મઝા તો સહીયારી રીતે માણવામાં છે. આ જ નીયમ દુઃખને પણ લાગુ પડે છે. હસવા માટે કોઈ સાથીદારની જરુર પડે છે; તેમ રડવાનું પણ પોતાના ગણાય એવા માણસોની વચમાં હોય તો જ ફાવે.

આજકાલ સંસાર વ્યાપારપ્રીય થતો જાય છે. આથી પ્રેમ પણ એક ધંધાદારી વસ્તુ બની ગઈ છે. બધું જોઈ વીચારીને જ પ્રેમ કરવામાં આવે છે; અને ઘીમાં લોકો જેમ ડાલ્ડા ભેળવે છે તેમ પ્રેમમાં ખુશામત ભેળવે છે. પોતે તો કોઈના પર પ્રેમ કરતા નથી; છતાં બીજા એમના પર આશક થઈ જાય એમ ઈચ્છે છે.

–મહાવીર ત્યાગી

'સ્વરાજની લડતના તે દીવસો' પુસ્તીકાની લેખકે લખેલી 'પ્રસ્તાવના'ના અંશો..
લખાયા **તારીખ 31-12-1962**
**'રૈનબસેરા'– દેહરાદુન**

••♦♦♦◆◆◆♦♦♦••